# મહુડી મંદિરના ૬૫ કિલો સોનાની ચોરીના આરોપ પાયાવિહોણા

**૧ ગ્રામ** સોનાનો પણ ગેરવહીવટ સાબિત થાય તો રાજીનામાની તૈયારી

અમદાવાદ : શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘ દ્વારા આજે અમદાવાદ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ટ્રસ્ટીઓએ તેમના સામે લગાવવામાં આવેલા વિવિધ આક્ષેપોને તથ્યાધારિત રીતે નકારી કાઢ્યા હતા.

ટ્રસ્ટી ભૂપેન્દ્ર વોરાએ જણાવ્યું હતુ કે ટ્રસ્ટી મંડળના સભ્ય અંકિત શ્રેણિકભાઈ મહેતા અને જયેશ મહેતાને તેમના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખી સંઘના સામાન્ય સભ્યપદેથી બરતરફ કરવામાં આવ્યા હતા. તેમ છતાં તેઓ પોતાને ટ્રસ્ટી તરીકે રજૂ કરી ભક્તોને ગેરમાર્ગે દોરી ટ્રસ્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં પૂર્વ ટ્રસ્ટી રશ્મિ મહેતા કમિશન લેતા પકડાતા રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ સુનિલભાઈ મહેતાએ ૬૫ કિલો સોનાની ચોરીનો આક્ષેપ કર્યો હતો, પરંતુ પોલીસ તપાસમાં કોઈ તથ્ય ન મળતાં અરજી રદ થઈ હતી. ૨૦૨૩માં ભંડારમાંથી ચોરી કરતા નિલેશ અને સુનિલ મહેતા સીસીટીવીમાં ઝડપાયા હતા.

તેમણ કહ્યું હતુ કે અગાઉ તેઓએ ૧૩૦ કિલો સોનાની વાત કરતાં હતા હવે, ૬૫ કિલો સોનાની હેરાફેરીના આક્ષેપો કરી રહ્યા છે. પોલીસ તપાસ બાદ આ આક્ષેપો ખોટા સાબિક થતાં પોલીસે અરજી રદબાતલ કરી છે. ટ્રસ્ટીઓએ વધુમાં કહ્યું હતુ કે મંદિર સુવર્ણીકરણ માટે ખરીદાયેલા સોનાના કાયદેસર ટેક્ષપેઈડ બિલો તથા ૨૦૧૭થી ૨૦૨૫ સુધીના ઓડિટ રિપોર્ટ્સ ઉપલબ્ધ છે. લેબ ટેસ્ટ ગુણવત્તા નક્કી કરેલી છે,

ટ્રસ્ટીઓની નિયુક્તિ ગેરકાયદેસર હોવાના આક્ષેપ સામે ૨૦૦૨થી ૨૦૨૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ કરાયા. અમદાવાદમાં ખરીદાયેલી મિલકતો જૈન સાધુ-સાધ્વીજીઓના ધાર્મિક ઉપયોગ માટે હોવાનું જણાવ્યું હતુ. આ ઉપરાંત ભૂપેન્દ્ર વોરાએ જાહેર પડકાર આપ્યો કે ૧ ગ્રામ સોનાની પણ ગેરવહીવટ સાબિત થાય તો તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપવા તેઓ તૈયાર છે.

ઉત્તર ગુજરાતના જગવિખ્યાત મહુડી મંદિરમાં ટ્રસ્ટી સંઘને લઈ છેલ્લા ઘણા વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે.

આ વિવાદના પગલે ટ્રસ્ટી સંઘના સભ્યો દ્વારા એકબીજા ઉપર આક્ષેપ પ્રતિઆક્ષેપો કરવામાં આવી રહ્યા છે. જેમાં તાજેતરમાં જ શ્રી મહુડી જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક ટ્રસ્ટ સંઘ દ્વારા કેટલાક આરોપો લગાવવામાં આવ્યા હતા. આ આરોપોનો આજે સંઘના આઠ ટ્રસ્ટી તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ દ્વારા સત્ય આધારિત ખુલાસા કરાયા હતા.

## સિહોરના શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રદ્ધાંજલિ, ૧ કરોડની સહાય

ગાંધીનગર : સિહોર તાલુકાના દેવગાણા ગામે નકસલવાદ વિરોધી અભિયાન દરમિયાન શહીદ થયેલ જવાન સ્વ. મેહુલ નંદલાલભાઈ સોલંકીને ગાર્ડ ઓફ ઓનર સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બીજાપુર જિલ્લાના ઉસુર થાણા વિસ્તારમાં નકસલવાદીઓ સાથે થયેલી અથડામણ દરમિયાન તા. ૨૨ મે ૨૦૨૫ના રોજ ફરજ બજાવતા તેઓ ગોળી વાગતાં શહીદ થયા હતા. શ્રી મેહુલભાઈ સોલંકી મૂળ દેવગાણા, તા. સિહોર, જિ. ભાવનગરના વતની હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ શહીદ જવાનને પુષ્પાંજલિ અર્પણ કરી તેમની શૌર્યગાથાને નમન કર્યું હતું. સરકારની સંવેદનશીલતા અને કૃતજ્ઞતા દર્શાવતા શહીદ જવાનની માતા નાનુબેન નંદલાલભાઈ સોલંકીને રૂ. ૧ કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સી.આર.પી.એફ. ના જવાનો દ્વારા શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

# દુનિયાની સૌથી ધનવાન બ્લેકરોક કંપની ભારતમાં ઝડપથી વિસ્તરણ કરી રહી છે

જો તમને કહેવામાં આવે કે દુનિયામાં એક એવી કંપની છે, જે ભારત જેવા વિશાળ દેશ કરતાં પણ મોટી સંપત્તિનું સંચાલન કરે છે, જે દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, તો શું તમે માનશો? ના, પણ અમેરિકામાં એક એવી કંપની છે, જે ભારતીય અર્થતંત્રના કદ કરતાં અઢી ગણી મોટી સંપત્તિનું સંચાલન કરે છે. અમે બ્લેકરોક વિશે વાત કરી રહ્યા છીએ. બ્લેકરોક આશરે ૧૦ ટ્રિલિયન ડોલરની સંપત્તિનું સંચાલન કરે છે, જે ભારતીય અર્થતંત્રના કદ (આશરે ૩.૭ ટ્રિલિયન ડોલર) કરતાં અઢી ગણું વધારે છે. આજે, બ્લેકરોક વિશ્વભરની અસંખ્ય કંપનીઓ અને સરકારો માટે રોકાણ વ્યવસ્થાપક તરીકે સેવા આપે છે. આ કંપની ૧૦ ટ્રિલિયન ડોલરથી વધુ મૂલ્યની સંપત્તિનું સંચાલન કરે છે, જે ઘણા નાના દેશોના GDP કરતાં અનેક ગણી વધારે છે. આ મોટા રોકાણને કારણે, બ્લેકરોક વૈશ્વિક નાણાંકીય બજારો પર નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. અમેરિકાની એપલ, માઇક્રોસોફ્ટ, ગૂગલ કે ટેસ્લા જેવી કંપનીઓમાં બ્લેકરોકનું માતબર રોકાણ છે.




વિશ્વમાં ભાગ્યે જ કોઈ મોટી કંપની હશે, જેમાં બ્લેકરોકે રોકાણ ન કર્યું હોય. બ્લેકરોકની વિશેષતા એ છે કે તે કોઈપણ એક કંપની અથવા ક્ષેત્રમાં ભારે રોકાણ કરતી નથી, પરંતુ સમગ્ર બજારમાં રોકાણ કરે છે. આને વૈવિધ્યકરણ કહેવામાં આવે છે. આ વ્યૂહરચના બજારના વધઘટનું જોખમ ઘટાડે છે. વધુમાં, બ્લેકરોક તેના રોકાણ નિર્ણયોને જાણ કરવા માટે કૃત્રિમ બુદ્ધિ (AI) અને મેટા ડેટાનો ઉપયોગ કરે છે. લેરી ફિંક અને તેમના સાથીઓએ ૧૯૮૮ માં બ્લેકરોકની સ્થાપના કરી.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

બ્લેકરોકના સીઈઓ લેરી ફિંકને વિશ્વના સૌથી શક્તિશાળી લોકોમાંના એક ગણવામાં આવે છે. શરૂઆતમાં બ્લેકરોક કંપની રોકાણ બેંકો માટે જોખમ સંચાલનનું સંચાલન કરતી હતી. ૧૯૯૦ ના દાયકામાં બ્લેકરોકનો ઝડપથી વિકાસ થયો. કંપનીએ મ્યુચ્યુઅલ ફંડ્સ અને એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETFs) જેવા રોકાણ ઉત્પાદનોનું સંચાલન કરવાનું શરૂ કર્યું. આ એવાં ભંડોળ છે જે જાહેર નાણાં એકઠા કરે છે અને વિવિધ કંપનીઓના શેરોમાં રોકાણ કરે છે.

બ્લેકરોકે આ ભંડોળનું સંચાલન કરવા માટે નવીન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો, જેનાથી રોકાણકારો માટે પ્રભાવશાળી વળતર મળ્યું. બ્લેકરોક જેવી મોટી રોકાણ વ્યવસ્થાપન કંપનીઓ પર ઘણી વાર બજાર પર વધુ પડતા પ્રભાવનો આરોપ મૂકવામાં આવે છે. આ કંપનીઓ પર્યાવરણીય અને સામાજિક મુદ્દાઓને અવગણી શકે છે. તેઓ જે રોકાણોનું સંચાલન કરે છે તે તેમને બજાર માટે સંવેદનશીલ બનાવે છે. બ્લેકરોકના ભારતીય એકમ, બ્લેકરોક સર્વિસીસ ઇન્ડિયાએ બેંગલુરુના સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટમાં એક નવી ઓફિસ ભાડે લીધી છે. આ ઓફિસ મહાત્મા ગાંધી રોડ પર ઇન્ડીક્યુબ સિમ્ફનીમાં સ્થિત છે અને લગભગ ૧,૪૩,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી છે. આ સોદો ૧૦ વર્ષ માટે છે અને તેનું કુલ ભાડું ૪૧૦ કરોડ રૂપિયા છે. તાજેતરમાં દેશમાં આ સૌથી મોટા એન્ટરપ્રાઇઝ ફ્લેક્સિબલ સ્પેસ ટ્રાન્ઝેક્શનમાંનું એક છે. બ્લેકરોક ૧૯૦ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટના દરે ૨.૭૨ કરોડ રૂપિયાનું માસિક ભાડું ચૂકવશે. ૨૧.૭૫ કરોડ રૂપિયાની ડિપોઝિટ પણ જમા કરવામાં આવશે. આ કરાર ટાવરના G+૫ માળને આવરી લે છે અને તેમાં ૫ ટકાનો વાર્ષિક ભાડા વધારો સામેલ છે. આ ઈન્ડીક્યુબના મોટા પ્રોજેક્ટનો ભાગ છે.

ઈન્ડીક્યુબે બેંગલુરુ સીબીડીમાં ત્રણ ટાવર્સમાં ૩૨૦,૦૦૦ ચોરસ ફૂટ જગ્યા હસ્તગત કરી છે. આ ૧૫ વર્ષનો પ્રોજેક્ટ છે જેમાં નવીનીકરણ અને અપગ્રેડનો સમાવેશ થશે. આ પ્રોજેક્ટ ઈન્ડીક્યુબ સિમ્ફની તરીકે ઓળખાશે. બ્લેકરોકે મુંબઈના ઉપનગર ગોરેગાંવમાં પણ ૧૬૫,૦૦૦ ચોરસ ફૂટ ઓફિસ સ્પેસ લીઝ પર લીધી છે. આ ઓફિસ બ્લેકરોકના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) તરીકે સેવા આપશે, જે કંપનીના વૈશ્વિક કામગીરીને ટેકો આપશે. આ કરાર ૧૦ વર્ષ માટે છે. બ્લેકરોકે ઓબેરોય રિયલ્ટીના કોમર્ઝ III કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ત્રણ માળ લીઝ પર લીધા છે. આ કરાર હેઠળ બ્લેકરોક કંપની ૨.૬૦ કરોડ રૂપિયાનું માસિક ભાડું ચૂકવશે. આનાથી ૧૦ વર્ષમાં સોદાની કુલ કિંમત આશરે ૪૦૦ કરોડ રૂપિયા થઈ જશે. અગાઉ, ઓગસ્ટ ૨૦૨૪ માં કંપનીએ મુંબઈના વર્લીમાં ૪૨,૭૦૦ ચોરસ ફૂટ ઓફિસ જગ્યા ભાડે લીધી હતી.

બ્લેકરોકે ૨૦૦૮ માં ભારતમાં તેની સેવાઓ શરૂ કરી હતી. કંપની મ્યુચ્યુઅલ ફંડ્સ, એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ અને પોર્ટફોલિયો મેનેજમેન્ટ સેવાઓ પ્રદાન કરે છે. હાલમાં, બ્લેકરોકની મુંબઈ, ગુરુગ્રામ અને બેંગલુરુમાં ઓફિસો છે. બ્લેકરોક દેશમાં તેની હાજરીને મજબૂત બનાવવા માટે વ્યૂહાત્મક ભાગીદારી પણ કરી રહી છે.

બ્લેકરોકના ચેરમેન અને સીઈઓ લેરી ફિંકે મુંબઈમાં એક મુખ્ય ઇવેન્ટમાં ભારતની આર્થિક સંભાવનાઓ પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે આગામી ૨૦-૨૫ વર્ષ ભારતનો યુગ છે. તેમણે તેને લાંબા ગાળાની વૃદ્ધિની વાર્તા તરીકે વર્ણવી હતી.

જુલાઈ ૨૦૨૩ માં બ્લેકરોક અને જિયો ફાઇનાન્શિયલ સર્વિસીસ (JFS) એ ૫૦:૫૦ સંયુક્ત સાહસ Jio BlackRock ની જાહેરાત કરી હતી. તેનું ધ્યેય ભારતીય રોકાણકારો માટે ટેક-સક્ષમ, સસ્તું અને નવીન રોકાણ ઉકેલ લાવવાનું છે. આ ભાગીદારીને ઓક્ટોબર ૨૦૨૪ માં મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાય શરૂ કરવા માટે SEBI ની મંજૂરી મળી હતી. બ્લેકરોકે અદાણી ગ્રુપના ખાનગી બોન્ડ ઇશ્યૂમાં ૭૫ કરોડ ડોલર (રૂ. ૬,૪૫૦ કરોડથી વધુ) નો સૌથી મોટો હિસ્સો હસ્તગત કર્યો છે. બ્લેકરોકે બોન્ડ ઇશ્યૂનો લગભગ એક તૃતીયાંશ હિસ્સો હસ્તગત કર્યો છે, જેની પાકતી મુદત ત્રણથી પાંચ વર્ષ સુધીની છે. આ રોકાણ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે અદાણી ગ્રુપના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ કથિત લાંચ કેસમાં અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) દ્વારા તપાસ હેઠળ છે. આમ છતાં બ્લેકરોકે અદાણી ગ્રુપમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને આ મહત્ત્વપૂર્ણ રોકાણ કર્યું છે. ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં બ્લેકરોકનું આ પહેલું રોકાણ છે. કંપની ઇન્ફ્રાસ્ટ્રક્ચરને એક મોટા અને લાંબા ગાળાના નફાકારક ક્ષેત્ર તરીકે જુએ છે.

બ્લેકરોકના ચેરમેન લેરી ફિંકે અગાઉ જણાવ્યું હતું કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભવિષ્યની સૌથી મહત્ત્વપૂર્ણ રોકાણ તકોમાંની એક છે. આ સોદા દ્વારા અદાણી ગ્રુપનું રીન્યુ એક્ઝિમ ડીએમસીસી બોન્ડમાંથી મળેલી રકમનો ઉપયોગ આઇટીડી સિમેન્ટેશન હસ્તગત કરવા અને અન્ય વિકાસ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે કરશે. બ્લેકરોક ઉપરાંત સોના એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા સંચાલિત ભંડોળ સહિત પાંચ અન્ય મોટા રોકાણકારોએ પણ આ બોન્ડમાં રોકાણ કર્યું છે. આ રોકાણને અદાણી ગ્રુપ માટે મોટી રાહત માનવામાં આવી રહી છે, કારણ કે અમેરિકામાં ચાલી રહેલી તપાસથી ભંડોળ એકત્ર કરવાની ક્ષમતા પર પ્રશ્નો ઉભા થયા હતા. આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે બ્લેકરોકને લાગતું નથી કે આ તપાસથી અદાણી ગ્રુપના વ્યવસાય પર ખાસ અસર પડશે. બ્લેકરોક કંપની ભારતમાં તેના સપોર્ટ હબને મજબૂત બનાવવા અને દેશમાં તેની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ક્ષમતાઓને વધારવા માટે લગભગ ૧,૨૦૦ વ્યક્તિઓની ભરતી કરવા માટે તૈયાર છે. એસેટ મેનેજમેન્ટ જાયન્ટ મુંબઈ અને નવી દિલ્હીની નજીકના ઉપનગર ગુરુગ્રામમાં સ્થિત તેના iHubs ને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ વ્યૂહાત્મક પગલાનો હેતુ ભારતમાં બ્લેકરોકના ઓપરેશનલ માળખાને મજબૂત બનાવવાનો છે. બ્લેકરોક બેંગ્લોરમાં એક વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર પ્રીક્વિન હસ્તગત કરવા માટે તૈયાર છે. આ કેન્દ્ર હાલમાં આશરે ૧,૫૦૦ લોકોને રોજગારી આપે છે. બ્લેકરોક દ્વારા ડેટા ફર્મ પ્રીક્વિનના સંપાદન દ્વારા ભારતમાં બ્લેકરોકની હાજરી અને ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ મોટા રોકાણને કારણે બ્લેકરોક વૈશ્વિક નાણાંકીય બજારો પર નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. અમેરિકાની એપલ, માઇક્રોસોફ્ટ, ગૂગલ કે ટેસ્લા જેવી કંપનીઓમાં બ્લેકરોકનું રોકાણ છે**

### હોબાળો થયા બાદ શિક્ષણ વિભાગે પલટી મારી

## શ્વાનની ગણતરી શિક્ષકોએ કરવાની વાત ખોટી

**સાર્વજનિક** સંસ્થાઓ અને કેમ્પસમાં શ્વાનોની સુરક્ષા અને વ્યવસ્થા અંગે સૂચનાઓ આપવામાં આવી છે

ગાંધીનગર : સરકાર હવે શિક્ષકો પાસે રખડતાં શ્વાન પણ ગણાવશે”. જે વાત તદન ખોટી છે. તેવું શિક્ષણ વિભાગે જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ તમામ સાર્વજનિક સંસ્થાઓ અને કેમ્પસમાં શ્વાનોની સુરક્ષા અને વ્યવસ્થા અંગે સૂચનાઓ આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુપ્રીમ કોર્ટના તા. ૦૭/૧૧/૨૦૨૫ના Suo Moto Writ Petition (CIVIL) No: 5/2025 આદેશ મુજબ, તમામ સાર્વજનિક સંસ્થાઓ અને કેમ્પસમાં શ્વાનોની સુરક્ષા અને વ્યવસ્થા અંગે સૂચનાઓ આપવામાં આવી છે. જેથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના તા. ૦૩/૦૨/૨૦૨૬ના પત્રથી સુપ્રિમ કોર્ટના આદેશોનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવાના હેતુસર શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, બસ સ્ટેશન અને અન્ય જાહેર કચેરીઓના કેમ્પસમાં રખડતા શ્વાનોનો સર્વે કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત શિક્ષણ વિભાગના ૧૧મી ફેબ્રુઆરીના પત્ર મુજબ કમિશનર શાળાઓની કચેરીના તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, કચેરીઓ, કેમ્પસ વગેરે વિસ્તારોમાં આદેશ મુજબની કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં આ કામગીરી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો કે અન્ય કર્મચારીઓએ કરવાની રહેશે એવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

## રાજ્યનાં જુદાં જુદાં શહેરોમાં તાપમાન 33થી 36 ડિગ્રી

**કંડલા** અને રાજકોટમાં સૌથી વધુ 36 ડિગ્રી

ગાંધીનગર : રાજ્યમાં ગરમીનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જાય છે.

આજે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 33 થી 36 ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. રાજકોટમાં રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું, જ્યાં પારો 36 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાત્રિના તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થયો નથી. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રાત્રિ તાપમાન સામાન્ય કરતા ઘણું વધારે રહ્યું હતું, જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં પણ સામાન્ય કરતા ઊંચું તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં ગરમીનો માહોલ તેજ બન્યો છે. અનેક શહેરોમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા બપોર દરમિયાન તાપનો અહેસાસ વધી ગયો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ એકલા નલિયામાં ઠંડીનો પારો 12 ડિગ્રીએ પહોંચ્યો હતો. નલિયામાં વહેલી સવારે તથા રાત્રીના તાપમાન નીચુ નોંધાયુ છે. જ્યારે રાજયના અન્ય શહેરોમાં ગરમી વધેલી છે. રાજ્યના અન્ય શહેરોમાં નોંધપાત્ર રીતે વધ્યુ હતું.

### રાજ્યનાં વિવિધ શહેરોનું તાપમાન

| | |
|---|---|
| ભૂજ 35 ડિ.સે | નલિયા 34 ડિ.સે., |
| કંડલા પોર્ટ 36 ડિ.સે. | કંડલા એરપોર્ટ 36 ડિ.સે., |
| ભાવનગર 33 ડિ.સે. | પોરબંદર 34 ડિ.સે. |
| રાજકોટ 36 ડિ.સે. | સુરેન્દ્રનગર 35 ડિ.સે |
| મહુવા 34 ડિ.સે. | કેશોદમાં 35 ડિ.સે. |
| અમદાવાદ 34 ડિ.સે. | ડીસામાં 34 ડિ.સે. |
| ગાંધીનગર 34 ડિ.સે. | વિદ્યાનગર 33 ડિ.સે. |
| વડોદરા 34 ડિ.સે. | સુરતમાં 35 ડિ.સે. |

# BUSINESS મિત્ર

## આગામી દિવસોમાં નકારાત્મક સંકેતો નથી, પણ આઇટી સેક્ટરની અનિશ્ચિતતા વચ્ચે શેરબજાર અથડાતું રહેશે

**એઆઇની** નવી ચિંતાની પાછળ આઇટીની આગેવાની હેઠળ સેન્સેક્સ-નિફ્ટી એક ટકા તૂટયા

**આઇટી** શેરોમાં જોરદાર કડાકા આઇટી ઇન્ડેક્સ 8 ટકા તૂટયો, મીડિયા ઇન્ડેક્સમાં 5 ટકાનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 14:** ભારતીય શેરબજારમાં એઆઈની ચિંતાએ વૈશ્વિક આઈટી શેરોમાં કડાકાભડાકાના કારણે શેરબજાર લાલ નિશાનમાં રહ્યું હતું, જે આવનારા સપ્તાહમાં પણ આ સ્થિતિ ચાલુ રહેતી જોવા મળી શકે છે. કોઈ નકારાત્મક સંકેતો નથી, પણ આઈટી સેક્ટરની પાછળ હજુય અનિશ્ચિતતાનો માહોલ ચાલુ રહે તેવું લાગી રહ્યું છે, આ ઉપરાંત, તકનીકી સંકેતો નકારાત્મક દર્શાવે છે, તમામ સપોર્ટ લેવલ તૂટી ગયા હોવાથી શેરબજારમાં નિફ્ટી 25000 પોઈન્ટ સુધી સરકી જાય તેવી સંભાવના જોવાઈ રહી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર વિશે વધતી ચિંતાઓ વચ્ચે નબળા વૈશ્વિક સિગ્નલ અને આઈટી કંપનીઓમાં સતત વેચાણને કારણે નરમાઈ રહી હતી. વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 953.64 અંક એટલે કે 1.14 ટકા ઘટીને 82626.76 પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી 222.6 પોઈન્ટ એટલે કે 0.86 ટકા 25471.10 ના સ્તર પર બંધ રહી હતી.

વિતેલા સપ્તાહમાં બીએસઇ પર સ્મોલકેપ ઈન્ડેક્સ 0.8 ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો. જેઆઈટીએફ ઈન્ફ્રાલોજિસ્ટિક્સ, જીઇ પાવર ઈન્ડિયા, લિંકન ફાર્માસ્યુટિકલ્સ, અવંતી ફીડ્સ, બ્લુ ક્લાઉડ સોફટેક સોલ્યુશન્સ, ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ, એક્સિસ્કેડ્સ ટેક્નોલોજીસ, સિકા ઈન્ટરપ્લાન્ટ સિસ્ટમ્સ, એસએમએલ મહિન્દ્રા, લ્યુમેક્સ ઈન્ડસ્ટ્રીઝમાં 25થી 46 ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. જ્યારે સ્પાઈસજેટ, ઈકોસ ઈન્ડિયા મોબિલિટી એન્ડ હોસ્પિટાલિટી, સફારી ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા), જ્યોતિ રેઝિન્સ એન્ડ એડહેસિવ્સ, કારટ્રેડ ટેક, સિન્સિસ ટેક, પર્લ ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝ, એચએલઇ ગ્લાસકોટ, ફૂડ્સ એન્ડ ઈન્સ, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માસ્ટેક 13-23 ટકા ઘટ્યા હતા.

વિતેલા સપ્તાહમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.4 ટકા ઘટ્યો હતો. જેમાં કેપીઆઈટી ટેક્નોલોજીસ, એલટી ટેક્નોલોજી સર્વિસિસ, હેક્સાવેર ટેક્નોલોજીસ, ઓરેકલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સોફ્ટવેર, ઓઈલ ઈન્ડિયા, ટાટા એલેક્સીમાં કોફોર્જ ટોપ મિડકેપ લૂઝર રહ્યા હતા. તે જ સમયે, લિન્ડે ઈન્ડિયા, ભારત ફોર્જ, કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ, એસ્ટ્રલ, ટ્યુબ ઈન્વેસ્ટમેન્ટ્સ ઓફ ઈન્ડિયા ટોપ ગેઈનર્સ હતા.

આ જ સમયે, બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 0.6 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. ઈન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજીસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, અદાણી પાવર, એલટીઆઈ ઈન્ડ્રી, વિપ્રો, આરઈસી, ડીએલએફ, કોલ ઈન્ડિયા, ટેક મહિન્દ્રા ટોપ લૂઝર્સ હતા. બીજી તરફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈશર મોટર્સ, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ, લેન્સકાર્ટ સોલ્યુશન્સ, શ્રીરામ ફાઈનાન્સ, ટાટા મોટર્સ, સ્વિગી, એપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝીસ, ઈન્ડસ ટાવર્સ ટોપ ગેઈનર્સ હતા.

વિતેલા સપ્તાહમાં સેક્ટર વાઈઝ જોઈએ તો પ્રદર્શન મિશ્ર રહ્યું હતું, જેમાં ટેક્નોલોજી શેરોમાં ભારે વેચાણ જોવા મળ્યું હતું. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં 8 ટકાથી વધુ, નિફ્ટી એનર્જી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં લગભગ 2 ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં લગભગ 2 ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 5 ટકા વધ્યો હતો, જ્યારે નિફ્ટી પીએસયુ બેન્ક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ડિફેન્સ ઈન્ડેક્સ લગભગ 3 ટકા વધ્યા હતા. દરમિયાન, નિફ્ટી ઓટો લગભગ 2 ટકા વધ્યો હતો, અને નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ લગભગ 1 ટકા વધ્યો હતો.

વિતેલા સપ્તાહમાં એફઆઈઆઈએ સપ્તાહમાં 4019.09 કરોડ રૂપિયાની ઈક્વિટીનું વેચાણ કર્યું હતું. તેનાથી વિપરીત, ડીઆઈઆઈએ 6,883.81 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરીને બજારને ટેકો આપ્યો હતો.

વિતેલા સપ્તાહમાં આઈટી દિગ્ગજ ટીસીએસના માર્કેટ કેપમાં સૌથી મોટો કડાકો બોલાયો હતો. ત્યારબાદ ઈન્ફોસિસ, એચડીએફસી બેંક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છે.

## એનએસઈ પર ટ્રેડિંગ એકાઉન્ટ્સ 25 કરોડને પાર નીકળી ગયા

**આમાંથી** છેલ્લા ૫ કરોડ ખાતાઓ તો છેલ્લા ૧૬ મહિનામાં જ ઉમેરાયા છે

મુંબઈ, તા. 14: એનએસઈ પર નોંધાયેલા રોકાણકારોના ખાતાઓએ ફેબ્રુઆરી 2026 માં યુનિક ટ્રેડિંગ એકાઉન્ટ્સની કુલ સંખ્યા 250 મિલિયનને પાર કરી છે. જેમાં એક કરોડ ખાતાઓ માત્ર બે મહિનામાં ઉમેરવામાં આવ્યા છે, જે મુડીબજારમાં ભાગીદારીની ઝડપી ગતિ દર્શાવે છે. છેલ્લા 50 મિલિયન ખાતાઓ, જે કુલ ખાતાના 20 ટકા છે, તે છેલ્લા 16 મહિનામાં જ ઉમેરવામાં આવ્યા છે.

એનએસઈએ અહેવાલ આપ્યો છે કે 31 જાન્યુઆરી, 2026 સુધીમાં, અન્ય નોંધાયેલા રોકાણકારોની સંખ્યા 12.7 કરોડ હતી, જે 22 સપ્ટેમ્બર, 2025 ના રોજ 12 કરોડના આંકડાને વટાવી ગઈ છે. કારણ કે રોકાણકારો બહુવિધ દલાલો સાથે એકાઉન્ટ્સ ધરાવી શકે છે, ટ્રેડિંગ એકાઉન્ટ્સની કુલ સંખ્યા અનન્ય રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા કરતા વધારે છે.

રાજ્ય મુજબ, મહારાષ્ટ્ર 4.2 કરોડ ખાતાઓ સાથે મોખરે છે, જે કુલ ખાતાના લગભગ 17 ટકા છે. ઉત્તર પ્રદેશમાં 2.8 કરોડ ખાતા એટલે કે 11.3 ટકા, ગુજરાતમાં લગભગ 2.2 કરોડ એટલે કે 8.7 ટકા અને પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનમાં 1.4 કરોડ ખાતા એટલે કે 5.8 ટકા હિસ્સો છે. કુલ રોકાણકારોના ખાતામાં ટોચના પાંચ રાજ્યોનો હિસ્સો લગભગ 49 ટકા છે, જ્યારે ટોચના 10 રાજ્યોનો હિસ્સો 73 ટકાથી વધુ છે.

11 ફેબ્રુઆરી, 2026ના રોજ પૂરા થયેલા પાંચ વર્ષના સમયગાળામાં, નિફ્ટી અને નિફ્ટી 500 એ અનુક્રમે 11.3 ટકા અને 13.7 ટકાનું વાર્ષિક વળતર આપ્યું હતું, જે એસેટ ક્લાસ તરીકે ઈક્વિટીમાં સ્થાનિક ભાગીદારીને મજબૂત બનાવે છે.

પરોક્ષ ભાગીદારીએ પણ વેગ પકડ્યો છે. એપ્રિલ 2025 થી જાન્યુઆરી 2026 વચ્ચે, લગભગ 6 કરોડ નવા એસઆઈપી ખાતા ખોલવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સરેરાશ માસિક એસઆઈપી પ્રવાહ રૂ.28766 કરોડ હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ.23,743 કરોડ હતો.

એનએસઈ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશનમાં 18.6 ટકા હિસ્સો ધરાવે છે, જે પાંચ વર્ષ પહેલા 14.6 ટકા હતું. એક્સચેન્જે જણાવ્યું હતું કે માલિકીમાં આ સતત વધારા અને મજબૂત બજાર પ્રદર્શનને કારણે ભારતીય પરિવારોની સંપત્તિમાં નોંધપાત્ર વધારો થયો છે.

એનએસઈના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને જણાવ્યું હતું કે, 25 કરોડ ટ્રેડિંગ એકાઉન્ટ્સને પાર કરવું એ ભારતના મુડીબજારોના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. જે ઝડપ સાથે નવીનતમ એકાઉન્ટ્સ ઉમેરવામાં આવ્યા છે તે ઘરોમાં વધતા વિશ્વાસ અને લાંબા ગાળે બચત કરવાના માર્ગ તરીકે ઈક્વિટીની વધુ સ્વીકૃતિને પ્રતિબિંબિત કરે છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૦૨૦૦ |
| તેજાબી સોનું | ૧૬૦૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૨૧૯૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૬૯૯૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૦૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૩૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૪૭૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# બજેટ 2026ના GST સંબંધી મહત્વના ફેરફારોની ઝલક..

### કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

કેન્દ્ર સરકારનું નાણાંકિય વર્ષ 2026-27નું બજેટ એકંદરે વિકાસના પથ પર આગળ વધનારું છે, મોટી ધડાકાબંધ જાહેરાતો ગેરહાજર છે, ત્યારે... GSTને સંબંધ છે ત્યાં સુધી નાણાંપ્રધાને કેવળ જીએસટી કાઉન્સિલે કરેલી અમુક ભલામણોને કાયદાકીય ઓપ આપતા સુધારા જાહેરકર્યા છે. આ સૂચિત સુધારા પૈકી....

**ઈન્ટરમીડીઅરી સેવાઓ અંગે...**

આ સુધારો ઈન્ટરમિડિયરી સેવાના નિકાસકારો માટેની તર્કહિન જોગવાઈ રદબાતલ કરે છે.

પ્રવર્તમાન કલમ 23(8)(બી) જોગવાઈ મુજબ ઈન્ટરમેડિયરી સેવા સંબંધી સેવા આપનારનું સ્થાન નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. પરિણામે ભારત સ્થિત કમિશન એજન્ટ, બ્રોકર્સ વિ. જો કોઈ વિદેશ સ્થિત પ્રિન્સિપાલને સેવા પૂરી પાડે. તો સેવાની સપ્લાયનું સ્થાન ભારત ગણાય છે, આ સેવા પૂરા પાડવા બદલ સંબંધીત કમિશન એજન્ટ વિ. વિદેશી મુદ્દામા વળતર મેળવતા હોવા છતાં... તેઓ સેવાની નિકાસમાં લાભથી વંચિત રહે છે, એટલું જ નહી... તેઓ વિદેશ સ્થિત પોતાના પ્રિન્સિપાલને જે સેવા પૂરી પાડે છે તેના ઉપર 18 ટકા લેખે GST ભરવા જવાબદાર બને છે. ત્યારે. નાણાંપ્રધાનએ રજૂ કરેલ ફાયનાન્સયિલ 2026ની કલમ 141 અન્વયે GST કાયદાની કલમ 43(8)(બી) રદ કરવાની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ પછી ઈન્ટરમિડિયરી તરીકે સેવાની નિકાસ કરતા કમિશન એજન્ટ વિ. સેવાની નિકાસનો લાભ લઈ શકશે.

**સપ્લાય પરના ડિસ્કાઉન્ટ અંગે...**

ઘણીવાર માલ અથવા સેવા સપ્લાય કર્યા પછી, ગ્રાહકોને ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. ખાસ કરીને... વાર્ષિક ટારગેટ પૂર્ણ કરવા પર મળતો ડિસ્કાઉન્ટ, વોલ્યુમ આધારિત ડિસ્કાઉન્ટ વિ.વિ. પ્રવર્તમાન કલમ 15 (3) ની જોગવાઈ મુજબ, જ્યારે ડિસ્કાઉન્ટ આપ્યા બાદ.. નક્કી કરેલી રકમના ઘટાડો થવા છતાં... વધારાનો GST ચૂકવ્યો હોય તે પરત મળતો ન હતો. આ માટે પહેલેથી બંને વેપારીઓ વચ્ચે સપ્લાય પહેલાં કે સપ્લાય સમયે એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હોય અને તેવા કિસ્સામાં ભરપાઈ કરેલો જીએસટી રિફન્ડ મળતો હતો. હવે... ફાયનાન્સ બિલની કલમ 137 અન્વયે પોસ્ટ સેલ ડિસ્કાઉન્ટની એગ્રીમેન્ટ સાથેની લિન્કની જોગવાઈ રદ કરવામાં આવી છે. પરિણામે વેપારીઓને એગ્રીમેન્ટ કરવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે અને રેસીપીઅન્ટ ટેક્સ, ક્રેડિટ રિવર્સ કરે તો, ડિસ્કાઉન્ટને એથી વેલ્યુમાંથી ઘટાડો મળશે.

**પ્રોવીઝનલ રિફન્ડ...**

કલમ 54 (6) હેઠળ, અત્યાર સુધી નોંધાયેલ કરદાતાને ઝીરો-રેટેડ સપ્લાયને કારણો 90 ટકા પ્રોવિઝનલ રિફન્ડ મળતું હતું, હવે તેનો વ્યાપ વધારવામાં આવ્યો છે.

હવે સુચિત સુધારા બાદ ફાયનાન્સ બિલની કલમ 139 હેઠળ ઈન્વટ્રેડ ડ્યુટી સ્ટ્રક્ચરને કારણે ઉદભવતા રિફન્ડ પર પણ 90 ટકા પ્રોવીઝનલ રિફન્ડ મળશે.

(4) GST કાયદા હેઠળ એડવાન્સ ટૂલિંગ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. પરંતુ ઘણી વખત અલગ રાજ્યોમાં એક જ મુદ્દા પર અલગ અળગ નિર્ણય આવતા હોય છે. આ વિવાદને ઉકેલવા માટે કલમ 101 બી હેઠળ નેશનલ એથેલેટ ઓથોરીટીની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ હજી સુધી તેની રચના થઈ નથી ત્યારે હવે સરકારને અધિકાર આપવામાં આવ્યો છે કે નેશનલ એથેલેટ ઓથોરીટી અને જરા ત્યાં સુધી, હાલમાં અસ્તિત્વમાં ટ્રીબ્યુનલ કે ઓથોરીટીને એડવાન્સ રૂલીંગ અપીલ સાંભળવાની સત્તા આપી શકે છે અને પરિણામે દેશમાં એકરૂપતા લાવવામાં મદદ મળશે અને એક જ મુદ્દાપર અલગ અલગ નિર્ણયને કારણો, મુશ્કેલી અનુભવતા કરદાતાઓને રાહત મળશે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા

૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |